### તંત્રના દાવાઓ વચ્ચે નાગરિકો પાણીના જગ અને ટેન્કર મંગાવવા મજબૂર

# શહેરમાં ડહોળા-ગંદા પાણીની સમસ્યા યથાવત

**શુદ્ધ અને પીવા** યોગ્ય પાણીનો પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવે તેવી માગ

(પ્રતિનિધિ) વડોદરા તા.4

શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી પીવાના પાણીની ગુણવત્તાને લઈને ગંભીર પરિસ્થિતિ નિર્માણ પામી છે. શહેરના અનેક વિસ્તારોમાં સતત ડહોળું, ગંદુ અને દૂષિત પાણી આવી રહ્યું હોવાની ફરિયાદો વ્યાપક બની છે. અગાઉ શહેરના કેટલાક ભાગોમાં ગટરમિશ્રિત પાણી પુરવઠો મળતો હોવાની ઘટનાઓ સામે આવી હતી, ત્યારે હવે ફરી એકવાર ડહોળા પાણીના કારણે સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ અને ચિંતા જોવા મળી રહી છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચોખ્ખા પાણીના વિતરણના મોટા-મોટા દાવા કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિક ધાતલ પર નાગરિકોને પ્રાથમિક જરૂરિયાત એવું પીવાનું સ્વચ્છ પાણી પણ નસીબ થતું નથી, જેના કારણે કોર્પોરેશનના પાણી પુરવઠા વિભાગની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. પીવાના પાણીની ગુણવત્તા અત્યંત ખરાબ હોવાના કારણે સામાન્ય નાગરિકોને રોજિંદા જીવનમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ઘરવપરાશ અને પીવા માટે સ્વચ્છ પાણી ન મળતાં લોકોને નાછૂટકે બજારમાંથી મિનરલ વોટરના જગ ખરીદવાની ફરજ પડી રહી છે, તો કેટલાક વિસ્તારોમાં સોસાયટીઓ અને રહીશોને પોતાના ખર્ચે પાણીના ખાનગી ટેન્કરો મંગાવવા પડી રહ્યા છે. ડહોળા પાણીના કારણે ઘરોમાં આવેલી અંડરગ્રાઉન્ડ અને ઓવરહેડ ટાંકીઓમાં કાદવ અને ગંદકી જમા થઈ જતાં પરિવારોને ટાંકીઓ સાફ કરાવવા માટે વધારાનો આર્થિક બોજ પણ વેઠવો પડી રહ્યો છે. ચોમાસાની ઋતુ અને દૂષિત પાણીના પુરવઠાને કારણે શહેરમાં જનજન્ય રોગચાળો ફેલાવાની ભીતિ સેવાઈ રહી છે, જેને લઈને લોકોમાં આરોગ્ય વિષયક ચિંતા પણ વધી છે. સ્થાનિકોનો આરોપ છે કે તેઓ દર વર્ષે નિયમિતપણે કોર્પોરેશનને પાણી વેરો ચૂકવે છે, તેમ છતાં તેમને પીવા માટે સુરક્ષિત અને ચોખ્ખું પાણી આપવામાં તંત્ર સંપૂર્ણપણે નિષ્ફળ નિવડ્યું છે. વર્ષોથી શહેરના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સના આધુનિકીકરણ, શુદ્ધિકરણ પ્રક્રિયા અને નવી પાઈપલાઈનો નાખવા પાછળ પ્રજાના કરવેરાના કરોડો રૂપિયા ખર્ચવામાં આવ્યા છે. છતાં પણ પરિસ્થિતિમાં કોઈ નોંધપાત્ર સુધારો જોવા મળતો નથી. બીજી તરફ વિપક્ષ અને સામાજિક કાર્યકરો દ્વારા પણ આ મુદ્દે તંત્રને ઘેરવામાં આવી રહ્યું છે. સ્માર્ટ સિટીના નામે મોટી યોજનાઓ અને દાવાઓ કરતું કોર્પોરેશન નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવામાં પણ નિષ્ફળ ગયું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

લોકોની માંગ છે કે કોર્પોરેશન દ્વારા તાત્કાલિક ધોરણે પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ્સની ચકાસણી કરવામાં આવે, દૂષિત અને ડહોળા પાણી માટે જવાબદાર પાઈપલાઈનોનું સમારકામ હાથ ધરવામાં આવે અને દરેક વિસ્તારમાં પૂરતા દબાણ સાથે પીવા યોગ્ય પાણીનો પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવે. આ સમસ્યાનું કાયમી નિવારણ નહીં લાવવામાં આવે તો નાગરિકો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી રહી છે.

### બાપોદના હિરાબાનગરમાં પીસીબીએ રેડ કરી, દારૂ પહોંચાડવા આવેલ સાગરીત ફરાર

# કારમાં બીયરના ૬૭૨ ટીન સાથે બુટલેગર ઝડપાયો, ૧૧.૩૪ લાખનો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા પોલીસની પીસીબી ટીમે બાપોદ જકાતનાકા નજીક હિરાબાનગર વિસ્તારમાં દરોડો પાડી ક્રેટા કારમાં ભરેલા દારૂ બીયરના 672 ટીન સાથે એક બુટલેગરને ઝડપી પાડ્યો છે. પોલીસે સ્થળ પરથી કાર, મોબાઈલ સહિત રૂ.11.34 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી ફરાર આરોપીને ઝડપી પાડવા માટે તપાસ હાથ ધરી છે. શહેરમાં પ્રોહિબિશન સંબંધિત ગુનાઓ સામે ચાલી રહેલી ઝુંબેશ દરમિયાન પીસીબીના પીઆઈ જે.આર. ગામીતની સૂચના હેઠળ ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે બાપોદ જકાતનાકા નજીક હિરાબાનગરના ખુલ્લા મેદાનમાં બૂટલેગર યોગેશ વિષ્ણુ ચાવડાએ દારૂનો જથ્થો મંગાવ્યો છે. આ દારૂ ક્રેટા કારમાં લઈને અભિષેક ઉર્ફે અબ્બુ મુકેશ ધોબી ત્યાં પહોંચ્યો છે. બાતમીના આધારે પીસીબીની ટીમે સ્થળ પર દરોડો પાડતાં યોગેશ વિષ્ણુ ચાવડાને ઝડપી પાડ્યો હતો, જ્યારે અભિષેક ઉર્ફે અબ્બુ મુકેશ ધોબી પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયો હતો. તપાસ દરમિયાન કારમાંથી વિદેશી દારૂ બીયરના 672 ટીન, એક મોબાઈલ ફોન અને હોન્ડાઈ ક્રેટા કાર મળી આવી હતી. પોલીસે રૂ.11.34 લાખનો મુદ્દામાલ જપ્ત કરી બાપોદ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

યોગેશ વિષ્ણુ ચાવડા (રહે. ધનલક્ષ્મી સોસાયટી, વાઘોડિયા રોડ, બાપોદ જકાતનાકા) ધરપકડ કરી ફરાર આરોપી અભિષેક ઉર્ફે અબ્બુ મુકેશ ધોબીને ઝડપી પાડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

### 'લાલુ સિંધી ગેંગ' સામે સકંજો કસાયો

# બૂટલેગર હેમંત ઉર્ફે બાબુ સચવાણી તા.૧૩ ઓગસ્ટ સુધી રિમાન્ડ પર

**GCTOC એક્ટ** હેઠળ ગુનો દાખલ કરી ચાર્જશીટ પણ રજૂ કરવામાં આવી

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરામાં સંગઠિત ગુનાખોરી સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. લાલુ સિંધી ગેંગના સક્રિય સભ્ય હેમંત ઉર્ફે બાબુ સચવાણીને ગુજસીટોક હેઠળ ઝડપી લઈ કોર્ટે 13 ઓગસ્ટ સુધી વધુ પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કર્યો છે. વડોદરા શહેરમાં છેલ્લા દસ વર્ષથી સક્રિય રહેલી 'લાલુ સિંધી ગેંગ' સામે ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ (GCTOC) એક્ટ હેઠળ કાર્યવાહી વધુ તેજ બની છે. પોલીસના જણાવ્યા મુજબ ગેંગના સુત્રધાર લાલુ સિંધી ઉર્ફે હેમંતદાસ ખાનાણી સહિત 12 સભ્યોએ હત્યા, ખંડણી, ધાડ, ખોટા દસ્તાવેજો બનાવવાના ગુના, રાજ્યસેવક પર હુમલો, આર્મ્સ એક્ટના ગુનાઓ તેમજ મોટા પાયે વિદેશી દારૂની હેરાફેરી જેવા 106 ગંભીર ગુનાઓ આચરી શહેરમાં ભયનું વાતાવરણ ઊભું કર્યું હતું. છેલ્લા દસ વર્ષમાં ગેંગ વિરુદ્ધ 81 જેટલા નોંધપાત્ર ગુનાઓ નોંધાયા બાદ નંદેસરી પોલીસ સ્ટેશનમાં GCTOC એક્ટ હેઠળ ગુનો દાખલ કરી ચાર્જશીટ પણ રજૂ કરવામાં આવી છે. આ કેસમાં ઝડપાયેલા હેમંત ઉર્ફે બાબુ નાનકરામ ત્રિકમદાસ સચવાણી વારસિયા સહિત શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ગેરકાયદે વિદેશી દારૂના જથ્થાનું વેચાણ અને વિતરણ કરતો હોવાનું તપાસમાં સામે આવ્યું છે. સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર રઘુવીર પંડ્યાએ ગેંગની આર્થિક કડીઓ, કાળા નાણાંના સ્ત્રોત અને દારૂના ગેરકાયદે નેટવર્કની વૈજ્ઞાનિક તપાસ માટે વધુ પોલીસ કસ્ટડી જરૂરી હોવાનું રજૂ કરતાં કોર્ટે આરોપીને 13 ઓગસ્ટ સુધીના પોલીસ કસ્ટડીમાં સોંપવાનો હુકમ કર્યો છે.

### ભાણિયાનો ટેમ્પો લઈ જઈ મામાએ નડિયાદમાં ગીરવે મૂકી દીધો

વડોદરા : બાપોદના હીરાબા નગરમાં રહેતા અને સરદાર એસ્ટેટની એક કંપનીમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા જયેશભાઈ પ્રદીપભાઈ પટેલે ડિસેમ્બર-2024માં કોટક મહિન્દ્રા બેંકમાંથી લોન લઈને સુપર કેરી સી.એન.જી. ટેમ્પો ખરીદ્યો હતો. જુલાઈ-2025માં ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના ઉત્તરસંડા ગામે રહેતા તેમના સગા મામા મનિષભાઈ રમણભાઈ પટેલે ટેમ્પો આણંદની હિરો મોટર્સ કંપનીમાં ભાડે મૂકવાથી દર મહિને રૂ.30 હજાર ભાડું મળશે તેવી લાલચ આપી ટેમ્પો, આર.સી. બુકની નકલ, પત્નીની બેંક પાસબુકની ઝેરોક્ષ અને કોરો ચેક મેળવી લીધો હતો. શરૂઆતના બે મહિના દરમિયાન મનિષ પટેલે રૂ.14 હજાર અને રૂ.18 હજાર મોકલ્યા બાદ ભાડું આપવાનું બંધ કરી દીધું હતું. ખાનગી તપાસમાં ટેમ્પો કોઈ કંપનીમાં નહીં પરંતુ નડિયાદ ખાતે એક વ્યક્તિ પાસે ગીરવે મૂક્યો હોવાનું બહાર આવ્યું હતું.

### અનગઢ ગામે બેંક ઓફ બરોડાના ATMમાં ચોરીનો પ્રયાસ કર્યો

# હથોડાથી ATM તોડતા તસ્કરનો પગ લપસ્યો, સાયરન વાગતા રિક્ષામાં ભાગ્યા

**હથોડો, ઓટોરિક્ષા** અને મોબાઇલ સહિત રૂ.૩.૦૫ લાખનો મુદ્દામાલ જપ્ત

નંદેસરી પોલીસ મથક વિસ્તારમાં આવેલા અનગઢ ગામના રામજી મંદિર નજીક સ્થિત બેંક ઓફ બરોડાના ATMમાં બે શખ્સો ગત 29 જુલાઈ, 2026ના રોજ વહેલી સવારે અંદાજે 3:20થી 3:24 વાગ્યાની વચ્ચે ઘૂસ્યા હતા. બંનેએ લોખંડના ભારે હથોડાથી ATM મશીન તોડીને અંદરની રોકડ ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે મશીનમાં લગાવવામાં આવેલી સુરક્ષા સિસ્ટમ સક્રિય થતાં જ સાયરન વાગી ઊઠ્યું અને બંને આરોપીઓ ગભરાઈને સ્થળ પરથી ઓટોરિક્ષામાં ભાગી છૂટ્યા હતા. આ સમગ્ર ઘટના ATMમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ હતી. ફૂટેજમાં એક આરોપી હથોડાથી ઘા મારતી વખતે સંતુલન ગુમાવીને લપસતો પણ જોવા મળ્યો હતો. ઘટનાના આધારે નંદેસરી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે તપાસ હાથ ધરી હતી. પીઆઈ એસ.એમ. ગામેતી, ડી.જે. ચુડાસમા અને આર.એસ. ગોહિલની સૂચના હેઠળ CCTV ફૂટેજ, હ્યુમન સોર્સ અને ટેક્નિકલ સર્વેલન્સના આધારે આરોપીઓ સુધી પહોંચવાની કવાયત શરૂ કરી હતી. દરમિયાન પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે રાત્રી બજાર વિસ્તારમાં દરોડો પાડી સુરેશ કાંતી પઢીયાર ( નરસીપુરા, પાદરા) અને સંજય રાવજી પઢીયાર (ઉ.વ. 35, નરસીપુરા, પાદરા) ને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે તેમની પાસેથી ગુનામાં વપરાયેલો લોખંડનો હથોડો, ઓટોરિક્ષા તથા રિયલમી કંપનીનો મોબાઈલ મળી રૂ. 3.05 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પૂછપરછ દરમિયાન બંનેએ અનગઢ ગામના ATMમાં તોડફોડ કરી ચોરી કરવાનો પ્રયાસ કર્યો હોવાની કબૂલાત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે બંને આરોપી ગુનાહિત ભૂતકાળ ધરાવે છે.

### વડોદરાના કરચીયા ગામે મોટી દુર્ઘટના ટળી

# ઘરમાં બેઠેલા વડીલ પર છતનો પોપડો પડતાં કપાળે ઈજા પહોંચી

**ઘરમાં બેઠેલા** ૫૮ વર્ષીય ચંપકલાલ શાહ પર અચાનક પડ્યો છતનો પોપડો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૪

શહેરના કરચીયા ગામે ઘરમાં બેઠેલા એક ૫૮ વર્ષીય વડીલ ઉપર છતનો પોપડો ધરાશાયી થવાની ઘટના બની છે. સદનસીબે મોટી દુર્ઘટના ટળી હતી, પરંતુ માથાના ભાગે ઈજા થતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે શહેરની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, કરચીયા ગામના ધનકુવા મહોલ્લામાં રહેતા ચંપકલાલ પોપટલાલ શાહ, ઉંમર વર્ષ ૫૮ પોતાના ઘરની અંદર શાંતિથી બેઠા હતા. તે દરમિયાન અચાનક ઘરની જૂની છતનો એક મોટો પોપડો તૂટીને સીધો તેમના ઉપર પડ્યો હતો. આ અકસ્માતમાં પોપડો કપાળના ભાગે વાગતાં ચંપકલાલ ઘાયલ થયા હતા. અચાનક બનેલી આ આકસ્મિક ઘટનાથી પરિવારજનોમાં દોડધામ મચી ગઈ હતી અને તાત્કાલિક આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં પરિવારજનો દ્વારા ચંપકલાલને તાત્કાલિક વધુ સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. સયાજી હોસ્પિટલના તબીબોની દેખરેખ હેઠળ હાલ તેમની સારવાર ચાલી રહી છે. રાહતની વાત એ છે કે ચંપકલાલ હાલ સંપૂર્ણ ભાનમાં છે અને ડૉક્ટરોની ટીમ દ્વારા તેમના ઘા પર જરૂરી ઉપચાર કરવામાં આવી રહ્યો છે. ચોમાસા કે સામાન્ય દિવસોમાં પણ જૂના મકાનો અને જર્જરિત છતોના પોપડા પડવાની ઘટનાઓ માનવજીવન માટે જોખમી સાબિત થઈ રહી છે. કરચીયા ગામની આ ઘટના બાદ સ્થાનિક રહેવાસીઓમાં પણ જૂના મકાનોની મરામત બાબતે ચિંતાની લાગણી ફેલાઈ ગઈ છે.

### ઢાઢર નદીમાં મગરને સુરક્ષિત છોડી મૂકવામાં આવ્યો

# પૂરના પાણી ઉતરતાં સાથે જ પોર ગામે ગ્રીલમાં ફસાયેલા મગરનું સફળ રેસ્ક્યુ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.4

વડોદરા જિલ્લાના પોર ગામ પાસે પૂરના પાણી ઉતર્યા બાદ બળીયાદેવ મંદિર પાછળ આવેલી ગ્રીલમાં એક મગર ફસાઈ જવાની ઘટના સામે આવી હતી. ઘટનાની જાણ થતાં સેવ વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ અને વન વિભાગની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી આશરે બે કલાકની જહેમત બાદ મગરનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું હતું. પ્રાપ્ત માહિતી મુજબ, પૂરના પાણી ઓસર્યા બાદ બળીયાદેવ મંદિર પાછળની ગ્રીલમાં મગર ફસાઈ ગયો હતો. સ્થાનિકોએ મગરને જોઈ તાત્કાલિક સેવ વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ અને ફોરેસ્ટ વિભાગને જાણ કરી હતી. માહિતી મળતા જ સેવ વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટના સંદીપભાઈ અને તેમની ટીમ, તેમજ ફોરેસ્ટ વિભાગના રેસ્ક્યુયર નીતિન પટેલ, જીગ્નેશ પરમાર અને સાગર રાઠોડ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ટીમે અત્યંત સાવચેતી અને કુશળતા સાથે લગભગ બે કલાક સુધી રેસ્ક્યુ કામગીરી ચલાવી હતી. ભારે જહેમત બાદ મગરને ગ્રીલમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યો હતો. ત્યારબાદ વન વિભાગની દેખરેખ હેઠળ મગરને તેના કુદરતી નિવાસસ્થાન ઢાઢર નદીમાં સુરક્ષિત રીતે છોડવામાં આવ્યો હતો. સમયસર હાથ ધરાયેલી બચાવ કામગીરીને કારણે મગરને કોઈ ઈજા પહોંચી નહોતી અને આસપાસના વિસ્તારમાં પણ કોઈ અનિચ્છનીય ઘટના બની નહોતી. સ્થાનિક લોકોએ સેવ વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ અને ફોરેસ્ટ વિભાગની સતર્કતા, સંકલન અને કામગીરીને બિરદાવી હતી.

### કારેલીબાગ બહુચરાજી રોડ પર ઘટના બની

# બાઈક ચલાવતી વખતે ખેંચ આવી જતાં ચાલક પટકાયા

(પ્રતિનિધિ) વડોદરા. તા.૪

શહેરમાં અકસ્માતનો એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે, જેમાં આર.વી. દેસાઈ રોડ પર રહેતા એક વ્યક્તિને બાઈક ચલાવતી વખતે અચાનક ખેંચ આવતા તેઓ ચાલુ વાહનેથી નીચે પટકાયા હતા. આ અકસ્માતમાં તેમને ચહેરા અને આંખના ભાગે ઈજાઓ પહોંચી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આર.વી.દેસાઈ રોડ પર આવેલી ચિત્રકૂટ સોસાયટીના બ્લોક નંબર ૪૦૧ માં રહેતા ચંદન રાજુભાઈ મેહતા ઉંમર વર્ષ ૪૮ પોતાની બાઈક પર સવાર થઈને કોઈ કામ અર્થે જઈ રહ્યા હતા. તેઓ બહુચરાજી રોડ પર આવેલા જૂની સંદેશ પ્રેસ પાસેથી પસાર થઈ રહ્યા હતા, તે દરમિયાન અચાનક જ તેમને ખેંચ ઉપડી હતી. જેના કારણે તેઓ બાઈક પરથી પોતાનો કાબૂ ગુમાવી બેઠા હતા અને ચાલુ બાઈક પરથી જ રસ્તા પર ફંગોળાઈને નીચે પટકાયા હતા. ચાલુ બાઈક પરથી નીચે પડવાના કારણે ચંદનભાઈને મોઢાના ભાગે, ડાબી બાજુના કપાળ પર આંખ પાસે તેમજ ગાલ પર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જાતા જ આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ નો સંપર્ક કર્યો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ દ્વારા તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે પહોંચીને ઈજાગ્રસ્ત ચંદન રાજુભાઈને વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

સયાજી હોસ્પિટલના તબીબો દ્વારા તેમની તાત્કાલિક તપાસ અને સારવાર શરૂ કરવામાં આવી છે. રાહતની વાત એ છે કે, હાલ ચંદનભાઈ ભાનમાં છે અને તબીબોની દેખરેખ હેઠળ તેમની વધુની સારવાર ચાલી રહી છે. અચાનક બનેલી આ ઘટનાને પગલે તેમના પરિવારજનોમાં ચિંતાની લાગણી વ્યાપી ગઈ છે.

### ફાયર બ્રિગેડ અને ફોરેસ્ટ વિભાગની જહેમત રંગ લાવી

# આસોજ ગામે નદીના ધસમસતા પ્રવાહમાં તણાયેલી ભેંસનો બચાવ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.4

વડોદરા જિલ્લાના આસોજ ગામે ભારે વરસાદ બાદ નદીમાં પાણીનો પ્રવાહ વધી જતાં એક ભેંસ તણાઈ જવાની ઘટના સામે આવી હતી. સમયસર ફાયર બ્રિગેડ, ફોરેસ્ટ વિભાગ અને સ્થાનિક ગ્રામજનોની સંયુક્ત બચાવ કામગીરીના કારણે ભેંસને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં સફળતા મળી હતી. વડોદરા જિલ્લાના આસોજ ગામ પાસે આવેલી નદીમાં પાણીનો પ્રવાહ અચાનક વધી જતાં એક ભેંસ પાણીમાં તણાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતા જ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી શરૂ કરી હતી. બાદમાં ફોરેસ્ટ વિભાગની ટીમ પણ સ્થળ પર પહોંચી હતી અને બંને વિભાગોએ સંયુક્ત રીતે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. મોટી સંખ્યામાં સ્થાનિક ગ્રામજનો પણ સ્થળ પર એકત્ર થઈ બચાવ કામગીરીમાં સહયોગી બન્યા હતા.

આ દરમિયાન વડોદરા જિલ્લાના ભાજપના પૂર્વ આઈટી કન્વીનર જગદીશ માળી પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને બચાવ કામગીરીમાં સહયોગ આપ્યો હતો. ફાયર બ્રિગેડ, ફોરેસ્ટ વિભાગ, સ્થાનિક ગ્રામજનો અને અન્ય સહયોગીઓની ભારે જહેમત બાદ ભેંસને સુરક્ષિત રીતે નદીમાંથી બહાર કાઢવામાં સફળતા મળી હતી. સફળ રેસ્ક્યુ બાદ ગામલોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

### માંજલપુરના રહીશે એક વર્ષથી CM ઓનલાઈનમાં ફરિયાદ કરી છે

# જાહેર માર્ગ પર અવરોધરૂપ વીજ થાંભલો ખસેડવામાં વિલંબ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.4

વડોદરાના માંજલપુરના અર્પણ પાર્ક ખાતે રહેતા ભરતભાઈ રાણાએ મુખ્યમંત્રી ફરિયાદ નિવારણ કાર્યક્રમ હેઠળ કરેલી રજૂઆતનો એક વર્ષથી નિકાલ ન થતા એમજીવીસીએલ વડોદરાના જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહીની માંગ કરી છે. તારીખ 6 ઓગષ્ટ 2025 ના રોજ સમાજ કલ્યાણ છાત્રાલય અને અવધૂત ફાટક વચ્ચે વિશ્વામિત્રી રોડ, માંજલપુર ખાતે જાહેર માર્ગમાં આશરે 5 ફૂટ જેટલો અવરોધ ઊભો કરતા વીજ થાંભલાને સલામત જગ્યાએ ખસેડવા રજૂઆત કરવામાં આવી હતી. 36 દિવસ બાદ તા. 11 સપ્ટેમ્બર 2025 ના રોજ એમજીવીસીએલ લાલબાગના કાર્યપાલક ઈજનેરે સ્થળ મુલાકાત કરી હતી અને મ્યુનિસિપલ કોર્પોરેશનને પરવાનગી માટે પત્ર પણ લખ્યો હતો. પરંતુ, ત્યારબાદ આજદિન સુધી કોઈ પરિણામલક્ષી કાર્યવાહી થઈ નથી. આરટીઆઈ હેઠળ માહિતી માંગતા તા. 28 જૂન 2026 ના રોજ લાઈનમેન સ્થળ પર આવ્યા હતા અને કહ્યું કે થાંભલો ખસેડવાના પૈસા તમે ભરો, મામલતદાર અને મ્યુનિસિપલ કોર્પોરેશનની પરવાનગી તમે લાવો. ભરતભાઈનું કહેવું છે કે જ્યારે આ પ્રશ્ન જાહેર હિત અને સલામતીનો છે ત્યારે સરકારી વિભાગો વચ્ચે સંકલન કરી નિકાલ કરવાને બદલે સમગ્ર જવાબદારી નાગરિક પર નાખવી યોગ્ય નથી. આવા અવરોધને કારણે વાહન ચાલકો અને રાહદારીઓ માટે અકસ્માતનું જોખમ છે. ભવિષ્યમાં કોઈ દુર્ઘટના થાય તો તેની જવાબદારી કોની તેમણે રાજ્યના મુખ્યમંત્રી, જિલ્લા કલેકટર, જીયુવીએનએલના જનરલ મેનેજર અને જીઈઆરસીને ફરિયાદ કરીને માંગ કરી છે કે આને વ્યક્તિગત નહીં પરંતુ જાહેર સલામતીના પ્રશ્ન તરીકે લઈ તાત્કાલિક થાંભલો ખસેડવામાં આવે અને કરાયેલી કાર્યવાહીની લેખિત જાણ કરવામાં આવે.

### રેલવે સ્ટેશન માસ્ટરના બંધ મકાનમાંથી રૂ.૨.૯૧ લાખની ચોરી

વડોદરા : મકરપુરા વડસર રોડ પર આવેલી ગજાનંદ પાર્ક સોસાયટીમાં રહેતા નિલેશ મુકેશભાઈ ખત્રી તેમની માતા રેખાબેન સાથે રહે છે. તેમની માતા 1 ઓગસ્ટના રોજ પ્રસંગોપાત અમદાવાદ ગયા હતા. જ્યારે નિલેશભાઈ 2 ઓગસ્ટની રાત્રે નાઈટ શિફ્ટ માટે ઘર બંધ કરી ફરજ પર ગયા હતા. તેમણે મુખ્ય દરવાજાને તાળું મારી સેફ્ટી ગ્રીલ પણ બંધ કરી હતી. 3 ઓગસ્ટની સવારે નોકરી પરથી ઘરે પરત ફરતા તેમણે જોયું કે સેફ્ટી ગ્રીલ ખુલ્લી હતી અને મુખ્ય દરવાજાનો નકુચો તૂટેલી હાલતમાં હતો. તિજોરીની તપાસ દરમિયાન તેમાં રાખેલા સોનાના બે બંગડીઓ, મોતીની માળા, સોનાનો પાટલો, કાનની ચાર જોડ કડીઓ, ત્રણ સોનાની ચેઇન, સોનાનું બ્રેસલેટ સહિત આશરે 180 ગ્રામ સોનાના દાગીના તેમજ રોકડ રકમ મળી રૂ. 2.91 લાખની મત્તા તસ્કરો ચોરી કર્યા બાદ ફરાર થઈ ગયા હતા.

### ગૃહકલેશથી વ્યથિત થઈ કાર લઈને ઘરેથી નીકળ્યો હોવાનું પ્રાથમિક અનુમાન

# આરવી દેસાઈ રોડના સલૂન સંચાલકે દંતેશ્વર તળાવમાં ઝંપલાવી જીવન ટૂંકાવ્યું

**તળાવમાં મૃતદેહ** દેખાતા ફાયર બ્રિગેડે બહાર કાઢ્યો, પોલીસે તપાસ શરૂ કરી

(પ્રતિનિધિ) વડોદરા. તા.૪

વડોદરાના આરવી દેસાઈ રોડ વિસ્તારમાં રહેતા અને ત્યાં જ સલૂન ચલાવતા હિતેશ પાટીયા નામના યુવકે તળાવમાં ઝંપલાવી આપઘાત કરી લેતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. તળાવમાં મૃતદેહ તરતો જોવા મળતાં સ્થાનિકોએ ફાયર બ્રિગેડ અને પોલીસને જાણ કરી હતી. ફાયર બ્રિગેડે મૃતદેહ બહાર કાઢી પોલીસને સોંપ્યો હતો. પોલીસે લાસનું પીએમ કરાવવા સહિતની કાર્યવાહી શરૂ કરી છે. વડોદરાના આરવી દેસાઈ રોડ વિસ્તારમાં રહેતા અને સલૂનનો વ્યવસાય કરતા હિતેશ ભાટીયા છેલ્લા કેટલાક સમયથી માનસિક તણાવમાં હતા. પ્રાથમિક તપાસમાં ગૃહકલેશના કારણે તેઓ વ્યથિત હોવાનું સામે આવ્યું છે. મંગળવારે તેઓ પોતાની કાર લઈને ઘરેથી નીકળ્યા હતા. ત્યારબાદ શહેરના એક તળાવ પાસે પહોંચીને તેમણે તળાવમાં ઝંપલાવી આપઘાત કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળી રહ્યું છે. ઘટનાની જાણ ત્યારે થઈ જ્યારે સ્થાનિક લોકોએ તળાવમાં એક મૃતદેહ તરતો જોયો હતો. બનાવની જાણ તાત્કાલિક ફાયર બ્રિગેડને કરવામાં આવતા ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત બાદ તળાવમાંથી મૃતદેહ બહાર કાઢ્યો હતો. ઘટનાને પગલે મોટી સંખ્યામાં લોકો સ્થળ પર એકત્ર થઈ ગયા હતા. બનાવની જાણ થતાં પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો છે અને સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરી છે. આપઘાત પાછળનું ચોક્કસ કારણ જાણવા માટે પરિવારજનો તથા નજીકના લોકોના નિવેદનો લેવામાં આવી રહ્યા છે. આ ઘટનાથી પરિવારજનોમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

### ફાયર બ્રિગેડે હાથ ધરી કામગીરી

# અલકાપુરીમાં 60 વર્ષ જૂનું વડનું વૃક્ષ ધરાશાયી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.4

વડોદરા શહેરના અલકાપુરી વિસ્તારમાં 60 વર્ષથી વધુ જૂનું વડનું વૃક્ષ અચાનક ધરાશાયી થતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. વૃક્ષ પડતાં નજીકના વીજ થાંભલાઓને પણ નુકસાન પહોંચ્યું હતું, જેના કારણે વિસ્તારમાં થોડા સમય માટે વીજ પુરવઠા પર અસર જોવા મળી હતી. અલકાપુરી પીડબલ્યુડી ક્વાર્ટર્સ નજીક આવેલું વર્ષો જૂનું વડનું વૃક્ષ અચાનક પડી ગયું હતું. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી, પરંતુ વૃક્ષ પડતાં વીજ થાંભલાઓ તૂટી જતાં સુરક્ષાના પગલે વિસ્તારને કોર્ડન કરવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ફાયર